# -:બુકીંગ માટેના નિયમો

- બુકિંગ કરાવવા આવનાર પાર્ટી કે જે તે પ્રસંગના મુખ્ય વડા પાર્ટીપ્લોટ બુક કરાવવા આવો ત્યારે પોતાનુ આઈડી પૃફ જેમકે મતદાર ચુટણી કાર્ડ/ પાસપોર્ટ /ડ્રાઈવીંગ લાઈસન્સ/ આધાર કાર્ડ / પાનકાર્ડ માં થી કોઈ પણ એક આઈડી પૃફ ની ઝેરોક્ષ ફરજીયાત જમા કરાવવાની રહેશે.

- બુકિંગ કરનાર પાર્ટીએ બુકીંગ ફોર્મ ફરજીયાત ભરવાનું રહેશે. બુકીંગ ફોર્મ ભરેલ નહી હોય તો પ્રસંગ સમયે પાર્ટીને પડતી કોઈ પણ અગવડની જવાબદારી પાર્ટીપ્લોટ બુકિંગ કરાવનાર ની રહેશે.

- બુકિંગ કરનાર પાર્ટીએ કેટરર્સ તેમની મરજી મુજબ નકકી કરવાનો રહેશે. કેટરર્સ તથા કેટરર્સના તમામ સામાનની જવાબદારી બુકિંગકરાવનાર પાર્ટીની રહેશે. કેટરર્સ નુ થનાર બીલ બુકિંગ કરાવનાર પાર્ટીએ ચુકવવાનુ રહેશે.

- **બુકિંગ કરાવનાર પાર્ટી કે પ્રસંગના ના મુખ્ય વડાને ખાસ જણાવવાનુ કે ઉમંગ ઈવેન્ટસ.પ્રા.લિ. ઉમંગ પાર્ટી પ્લોટમાં નોનવેજ (માસાહારી) ભોજન માટે બુક કરવામાં આવશે નહી. નોનવેજ (માસાહારી) ભોજન ની આ પાર્ટી પ્લોટમાં સખત મનાઈ છે. તેની ખાસ નોધ લેવી.**

- બહારના કોઈ પણ ડેકોરેટર્સને ડેકોરેશન અથવા ફુલમાળીકામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી. ડેકોરેશન ફુલમાળીકામ ફકત ઉમંગ ઈવેન્ટસ પ્રા.લી. ના લાઈસન્સીનેજ આપવાનુ રહેશે.( વધુ માહિતી માટે ઓફીસ માં સંપર્ક કરવાનો રહેશે.)

- પાર્ટી પ્લોટ બુકીંગ કરાવનાર ના પ્રસંગ વખતે લાઈટીંગ /ડેકોરેશન /માળીકામ /મોયરૂ/ પાર્કીગસ્ટાફ, સફાઈકામ તથા કીચનના મજુર નુ કામ પાર્ટી પ્લોટના નકકી કરેલા લાઈસન્સીને આપવાનુ રહેશે. બહારની કોઈ પણ એજન્સીને કામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

- ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. ગ્રાહકને સેવા આપવા માં માને છે. એટલા માટે ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. પોતાના ખર્ચે ગ્રાઉન્ સાફ સફાઈ મજુર, કિચન સાફ સફાઈ મજુર, પાર્કીંગ એટેન્ડેન્ટ, ખુરશીઓ ગોઠવનાર મજુર, સ્વિપર, વ્હિલચેર આસીસ્ટન્ટ, ઈલેટ્રીશ્યન, પ્લંબર, અને પ્રસંગ વ્યવસ્થાપક મેનેજર,તમારા પ્રસંગમાં સતત સેવા આપશે. આ તમામ સ્ટાફને સાદો ચા નસ્તો કે જમવાની વ્યવસ્થા ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ.તરફથી પુરી પાડવામાં આવશે.
- પાર્ટીપ્લોટના ભાડા તથા અન્ય બીલમાં કોઈ પણ જાતની બાંધછોડ કરવામાં આવશે નહી.

- પાર્ટી પ્લોટ પ્રિમાઈસીસ માં દારૂખાનુ ફોડવાની સખત મનાઈ છે.

- કોઈ પણ પ્રોગ્રામ કે જેમાં પોલીસ કમિશ્નર ની કે અન્ય સરકારી પરવાનગી લેવાની હોય તો તે પાર્ટીપ્લોટ બુક કરાવનાર વ્યકિતએ જાતે લેવાની રહેશે. અને પરવાનગી મળેલ હોય તો તેની એક નકલ પાર્ટી પ્લોટની ઓફીસમાં આપવાની રહેશે તેમ છતા કોઈ પણ જાતની કાનુની કાર્યવાહી થાય તો તે અંગેની તમામ જવાબદારી પાર્ટી પ્લોટ બુક કરાવનારની અથવા તો પ્રસંગના મુખ્ય વડા ની રહેશે.

- બુકીંગ કરાવનાર પાર્ટી કે પ્રસંગના મુખ્ય વડાને ખાસ જણાવવાનુ કે જાનના ઉતારાની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.

- કોઈ પણ પ્રકારનો પ્રોગ્રામ ડી.જે, ગરબા, મ્યુઝીકલ પાર્ટી, બેન્ડ-વાજાં જેવા પ્રોગ્રામ રાત્રીના ૧૦ વાગ્યા સુધીજ વગાડી શકાશે. ( ૫ કેવી થી વધારે લોડ મળશે નહી.)

- ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. પાર્ટી પ્લોટ માં પ્રસંગના દિવસે સાંજના-૬ થી મધ્યરાત્રી-૧૨:૦૦ વાગ્યા સુધી હાઈ માસ ટાવરની લાઈટો, તથા ઈલેટ્રીકપોલ, તથા ૪૦૦ કે.વી અથવા ૧૦૦૦ કે.વી. ફલડ લાઈટો ચાલુ રહેશે. આ તમામ લાઈટ સાંજના-૬ વાગ્યા પહેલા ચાલુ કરવામાં આવશે નહી અને મધ્ય રાત્રી-૧૨:૦૦ વાગ્યા પછી બંધ કરીદેવામાં આવશે. મધ્યરાત્રી-૧૨:૦૦ વાગ્યા પછી જો લાઈટ ચાલુરાખવામા આવશેતો તેની અલગથી પેનલ્ટી બુકિંગ કરનાર પાર્ટીએ ભરવાની રહેશે. જેની જાણકારી ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. પાર્ટી પ્લોટની ઓફીસ માંથી મળશે.

- ઉમંગ ઈવેન્ટ પ્રા.લિ.માં કોઈ પણ પ્રસંગ માં બુક કરાવનાર પાર્ટી કે પ્રસંગના મુખ્ય વડાને પ્રસંગ માં ગીફટ (વિહીકલ કે ફોર વિહીકલ) આપવાની હોયતો તે ફકત ઉમંગની પ્રિમાઈસીસમાં વી.આઈ.પી પાર્કીગ સુધી અવેલેબલ રહેશે.

- પાર્ટી પ્લોટમાં જો કોઈ પણ પ્રકારનુ નુકશાન થાય તો તેના નુકશાનની ભરપાઈ કરવાની જવાબદારી પાર્ટી પ્લોટ બુક કરાવનાર અથવા પ્રસંગના મુખ્ય વડા ની રહેશે.

- લગ્નના આગળના દિવસે ખીચડી–કઢી કે અન્ય પ્રોગ્રામ કરવા માટે પાર્ટી પ્લોટનો ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવશે નહી.

- સરકારશ્રીના આદેશ મુજબ માદક દ્રવ્યો (આલ્કોહોલ) નુ સેવન કરવાની મનાઈ છે. એમ કરતા કોઈ પણ કાનુની કાર્યવાહી થશે તો તેની જવાબદારી પાર્ટીપ્લોટ બુકીંગ કરાવનારની અથવા પ્રસંગના મુખ્ય વડા ની રહેશે. એન.આર.આઈ પરમીટ હોલ્ડરને પણ ઉમંગ પ્રીમાઈસીસ માં આલ્કોહોલનુ સેવન કરવાની સખત મનાઈ છે.

- જાહેર રસ્તા ઉપર દારૂખાનુ કે વરઘોડાના પ્રસંગે થતી જરૂરી વ્યવસ્થા બુકીંગ કરાવનાર પાર્ટી અથવા પ્રસંગના મુખ્ય વડા એ કરવાની રહેશે. આ અંગે સરકાર શ્રી ના જાહેરનામાના ભંગ બદલની કાર્યવાહી થશે તો તેની જવાબદારી બુકીંગ કરાવનાર વ્યકિત કે પ્રસંગના મુખ્ય વડા ની રહેશે.

- ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. પાર્ટી પ્લોટ માં થતા દરેક પ્રસંગ ના ડેકોરેશન તથા અન્ય ખાસ વ્યવસ્થાઓના ફોટોગ્રાફ ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. પાર્ટી પ્લોટ તરફથી અમારા ફોટોગ્રાફર ફોટા પાડતા હોય છે. જે ફોટોઝ નો ઉપયોગ ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. પાર્ટી પ્લોટ ની ઓનલાઈન વેબસાઈટ, તથા ઈલેટ્રીક મિડીયા તથા ન્યુઝ પેપરમાં તથા લીફલેટ એર્ડવેટાઈઝીંગ માં ઉપયોગકરીએ છીએ. જેમાં બુકીંગ કરાવનાર પાર્ટી કે પ્રસંગના મુખ્યવડા નો વાંધો વિરોધ કે તરતકરાર ચાલશે નહી. અને આ બાબત અંગે કોઈ પણ દર દાવો કરીશકસો નહી.

- ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. પાર્ટી પ્લોટમાં કોઈ પણ જાતનો માનવીય અને કુદરતી અકસ્માત જેવો કે ચોરી, ડકેતી, આતંકવાદી હુમલો, પાર્ટીપ્લોટ માં કોઈ પણ કારણસર આગ લાગવી, ગેસનો બોટલ કે જનરેટર ફાટવુ, કોઈને ઈલેકટ્રીક શોક લાગવો કે જીવજંતુ કરડવાથી અથવા કોઈ પણ જાતની કુદરતી દુર્ઘટના થવી જેવીકે ભુકંપ, વરસાદ કે અન્ય કોઈ પણ પ્રકારનો અકસ્માત ગમેતે કારણસર થાય અને તેમાં કોઈની જાનહાની થાય કે સદરહુ પ્રિમાઈસીસમાં આવેલ ચીજ વસ્તુઓ કે સાધનો ને નુકશાન થાય તો તેની જવાબદારી ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. કે ઉમંગ પાર્ટી પ્લોટની રહેશે નહી. અને આવો અથવા અન્ય કોઈ પણ પ્રકારના અકસ્માત માટે વળતર ચુકવવા ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. કે ઉમંગ પાર્ટી પ્લોટ ના ડાયરેકટર, મેનેજમેન્ટ, શેરહોલ્ડર, કે માલિકની જવાબદારી રહેશે નહી. તેની તમામ જવાબદારી જે તે પાર્ટીપ્લોટ બુક કરનાર અથવા તે પ્રસંગના મુખ્ય વડાની રહેશે.

- કેટરીંગ લાઈટીંગ ડેકોરેશનના વપરાશ માટે ૧૦ (દશ) કી.વો. થી વધારે ઈલેકટ્રીક લોડ ની જરૂર હોય તો જનરેટરની વ્યવસ્થા કેટરર્સ અથવા જે તે પ્રસંગ ના મુખ્ય વડાએ પોતે કરવાની રહેશે. અને જો જનરેટરની વ્યવસ્થા નહી હોય તો રૂા. ૨૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ હજાર પુરા ચાર્જ લાગશે તે અલગથી ચુકવવાનો રહેશે.

- પાર્ટીપ્લોટના પાર્કીગમાં કે ગેટની બહાર પાર્ક કરેલ વાહન વાહનમાલિકે પોતાની જવાબદારીએ પાર્ક કરવા, વાહનમાં કોઈ પણ પ્રકારનો કિંમતી સમાન રાખવો નહી. પાર્ક કરેલ વાહન કે વાહનમાં રહેલ સામાનની જવાબદારી **ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. કે ઉમંગ પાર્ટી પ્લોટની** રહેશે નહી. પાર્કીગનો સ્ટાફ અને પાર્કિંગ એટેન્ડેન્ટ ફકત પાર્કીગ ની વ્યવસ્થા જાળવવા માટે છે.

- પ્રસંગમાં આવનારે પોતાનો સામાન પોતાની જાતેજ સંભાળીને રાખવો તથા ચાંલ્લો ભેટ સોગાદ લખતા હોય ત્યાં પાર્ટીએ સામાનની સાવચેતી રાખવી.

- પાર્ટીપ્લોટનો વપરાશ સમય ૨૪ કલાક નો રહેશે. બુકીંગ કરાવ્યા તારીખના આગલી મધ્ય રાત્રીના૧૨–૦૦ વાગ્યા થી બુકીંગ તારીખ ની મધ્ય રાત્રીના ૧૨–૦૦ વાગ્યા સુધીનો રહેશે.

- ખુરશી સોફા તથા વાસણ કે પાર્ટી પ્લોટની કોઈ પણ વસ્તુ પાર્ટી પ્લોટની બહાર લઈ જવા દેવામાં આવશે નહી.

- લગ્ન પહેલા કંકોત્રીની એક કોપી પાર્ટી પ્લોટના રેકોર્ડ માટે ઓફીસમાં આપવાની રહેશે.

- પાર્ટી એ નકકી કરેલ કેટરર્સની માહિતી તથા મોબાઈલ નંબર પ્રસંગના ૨૧ દિવસ પહેલા પાર્ટી પ્લોટની ઓફીસે જણાવી દેવા વિનંતી.

- આપનો પ્રસંગ બુકીંગ થયા બાદ ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. તમો બુક કરાવનારને કેટરર્સ, બેન્ડ બાજા,બ્યુટી પાર્લર, ઈલેટ્રીક ડોલીવાળા, સંગીતકાર ઓરકેસ્ટ્રા, તથા ડી.જે જેવા પ્રસંગમાં ઉપયોગી પ્રખ્યાત લોકોના સજેશન તથા તેમના બીઝનેસ કાર્ડ આપશે. **તમારે તેઓ ની પાસે ઓર્ડર બુકિંગ કરાવવો તે ફરજીયાત નથી.** અમે ફકત સારી ફેસીલીટીઝ માટે તમો બુક કરાવનારને સજેસન આપીએ છીએ. જો તમોને અનુકુળ ના આવે તો તમે અન્ય સાથે પણ ઉપરોકત તમામ ફેસીલીટીઝ બુક કરાવી શકો છો.

# –:પેમેન્ટ અંગેના નિયમો :–

| પેકેજ નો ચાર્જ | રૂપિયા |
|---|---|
| પાર્ટી પ્લોટનુ ભાડુ ( ટેક્ષ તથા અન્ય સુવિધાઓ સાથે ) | |

- પાર્ટી પ્લોટ બુક કરાવતી વખતે થનાર ભાડા ની ૫૦ % રકમ જમા કરાવવાની રહેશે. બાકી રહેતી ૫૦ % રકમ પ્રસંગ તારીખથી ૩૦ દીવસ પહેલા જમા કરાવવાની રહેશે જેની નોંધ લેવી. જો પ્રસંગના ૩૦ દિવસ પહેલા બાકીના ૫૦% રકમ જમા નહી કરાવો તો ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. ના મેનેજમેન્ટ તમારી બુકીંગ સમયે જમા કરાવેલ પહેલી ૫૦ % રકમ જમા રાખી થયેલ બુકીંગ કેન્સલ કરવા સ્વતંત્ર હકદાર છે.

- પાર્ટી પ્લોટ બુક કરાવતી વખતે રીફંન્ડેબલ સીકયુરીટી ડીપોઝીટ ફકત રૂા.૨૫,૦૦૦/– જમા કરાવવાની રહેશે. આ સીકયુરીટી ડીપોઝીટ લેવાનુ કારણ એ છે કે તમારા પ્રસંગના સમયે તમારા/તમારા મહેમાનો અથવા તમે નકકી કરેલ કેટરર્સ ધ્વારા પાર્ટીપ્લોટમાં જો કોઈ પણ જાતનુ નુકશાન થસે તો આ ડીપોઝીટમાંથી નુકશાનીનુ વળતર વસુલ કરી લઈ બાકીની રકમ પ્રસંગના ત્રીજા (૩) દિવસે તમને પરત કરવામાં આવશે. જો બુકીંગ કરાવનાર પાર્ટી કે ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ નુ મેનેજમેન્ટ પ્રસંગ કેન્સલ કરશે તો આ સીકયુરીટી ડીપોઝીટ તમને ૧૦૦% (પુરેપુરી) પરત મળશે.

- આકસ્મિક, કુદરતી કે કોઈ પણ વ્યકતીગત કારણસર પ્રસંગ થઈ સકે નહી અથવા કેન્સલ કરવામાં આવે તો તે દિવસનો પ્રસંગ પાર્ટી પ્લોટમાંથી આપો આપ કેન્સલ થશે. ત્યારે, બુકીંગ કરાવતા સમયે જમા કરાવેલ રકમ પરત મળશે નહી. પરંતુ ઉમંગ ઈવેન્ટસ પ્રા.લિ. મેનેજમેન્ટે નકકી કર્યા મુજબ કેન્સલ થયેલ પ્રસંગ બુકીંગ તારીખ થી ૩૬૪ દિવસ ના સમય માં પાર્ટી પ્લોટની ખાલી તારીખમાં કરવાનો રહેશે. આ પ્રસંગ જેતે સમયે થાય ત્યારે તે સમયે ના પેકેજમાં વધારો થયેલ હશે તો તે પ્રમાણે બીલની રકમ પાર્ટી પ્લોટ બુકીંગ કરાવનારે ચુકવવાની રહેશે.કોઈ પણ કારણોસર પાર્ટી પ્લોટનુ બુકિંગ કેન્સલ કરાવશો તો જમા કરાવેલ રકમ રીફંડ મળશે નહી.

- પેકેજમાં દર્શાવેલ સગવડમાંથી કોઇપણ સગવડનો ઉપયોગ નહિં કરો તો પણ તેના નાણાં બીલમાંથી બાદ મળશે નહિ.